# સે-૭ના શોપિંગ વિસ્તારમાંથી બગીચો જ અદ્દશ્ય થઈ ગયો!

## ઉજ્જડ જગ્યામાં ધીમે ધીમે દબાણો અસ્તિત્વમાં આવી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૭

સમગ્ર શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મુખ્યમાર્ગો સહીત સર્કલોને ચકાચક બનાવી દેવાયા છે. સ્વર્ણિમ પાર્ક પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ નગરનો શોપિંગ વિસ્તાર સુવિધાઓના અભાવ વચ્ચે હજુ ઉજ્જડ હાલતમાં છે.



(તસવીર : ધનંજય જોષી)

સે-૭ના શોપિંગમાં સ્થિત નાનકડા ઉદ્યાનનું ફેન્સીંગ અને હરિયાળી અદ્દશ્ય થઈ ગયા છે. જયારે ધીમે ધીમે આ જગ્યાએ દબાણો અસ્તિત્વમાં આવી રહ્યા છે.

નગરને રૂપાળુ બનાવવા તંત્રની ટીમ છેલ્લા દોઢ મહીનાથી ઉંધા માથે છે. રાત-દિવસ કામ ચાલી રહ્યું છે. નગરના મુખ્ય માર્ગો ઉપરાંત સર્કલો, ફૂટપાથ, સેન્ટ્રલવર્જ સહીતના વિસ્તારોમાં સફાઈ, પ્લાન્ટેશન અને બ્યુટીફીકેશનનું કામ ચાલી રહ્યું છે. પરંતુ વાઈબ્રન્ટ લુકની ભીંતરમાં

● અનુસંધાન પાન-૭ પર

# કેપીટલ સ્ટેશનને નવી ફાસ્ટ ટ્રેઈનો ફાળવવામાં આવશે

## રેલવે વિભાગની ટીમે અભ્યાસ કર્યા બાદ ગેજ સંબંધિત કામ હાથ ધરવામાં આવ્યું છે : ૩૨ ટ્રેઈનોની માંગણી પૈકી અમુક કેપીટલ સુધી લંબાવાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૨૭

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ સ્ટેશનને આગામી દિવસોમાં નવી ફાસ્ટ ટ્રેક ટ્રેઈનો ફાળવવામાં આવે તેવી શકયતા છે. થોડા સમય અગાઉ પણ દીલ્હીની ટીમે સ્ટેશન વિસ્તારની મુલાકાત લીધી હતી. જયારે હાલ ખોડિયાર જંકશન પાસે લાઈનગેજ બદલવાનું કામ હાથ ધરવામાં આવ્યું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ટૂંકમાં કેપીટલ સ્ટેશન પર નવી ૩૨ ટ્રેઈનો લંબાવવાની માંગણી પૈકી અમુક ફાસ્ટ ટ્રેઈનો ફાળવામાં આવે તેવા પણ સંકેતો સાંપડયા છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલની સ્થિતિએ સ્ટેશન પરથી રોજની ચાર ટ્રેઈનોની અવર જવર થાય છે. દાયકાઓના અંતે કેપીટલ સ્ટેશનને દીલ્હી, મુંબઈ અને ઈન્દોર સહીતની ટ્રેઈન સેવાઓ ઉપલબ્ધ થઈ છે. બીજી તરફ છેલ્લા ઘણા સમયથી રેલવે બજેટમાં પણ કેપીટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવાય છે. નવી ટ્રેઈનો ફાળવવાના મામલે કેપીટલ સ્ટેશનના સંદર્ભમાં એક પણ જાહેરાત ન થતા સ્થાનિક રહીશોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. મહેસાણાના સાંસદ સહીત નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા રેલવે સુવિધાના મામલે અનેકવાર રેલવે મંત્રાલય સુધી રજૂઆત કરવામાં આવી છે. આ સઘળી સ્થિતિ વચ્ચે હાંસિયામાં ધકેલાયેલા રેલવે સ્ટેશન પર યાત્રિકો લક્ષી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા પણ કામ હાથ ધરવામાં આવ્યું છે. બીજી તરફ થોડા દિવસો અગાઉ દિલ્હી રેલવે વિભાગની ટીમે કેપીટલ સ્ટેશન વિસ્તારની મુલાકાત લઈ અભ્યાસ પણ કર્યો હતો. સ્ટેશન પર ફાસ્ટ ટ્રેઈનો આવી શકે તે મામલે ગેજનું જરુરી કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. હાલ ખોડીયાર જંકશન પાસે કામગીરી ચાલી રહી છે. ટૂંકમાં કેપીટલ સ્ટશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવે તેવી શકયતા છે.

# ગાંધીનગરમાં કણજાના વૃક્ષોના પાંદડાને છારા નામના રોગનો ભરડો

## સમગ્ર નગરમાં મોટા પાયે આ જ વૃક્ષો છે, આ વૃક્ષના બી દવામાં ઉપયોગી બનતા હોય છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની ધરતી પર વિપુલ માત્રામાં ફુલછોડ અને વૃક્ષો લહેરાઈ રહ્યા છે તેથી જ હરીયાળા નગર તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત બન્યું છે. આ નગરમાં કણજાના વૃક્ષોની સંખ્યા સૌથી વધુ રહેલી છે અને આ વૃક્ષોના લીલાછમ પાંદડાઓ ઉપર સફેદ રંગનો છારા નામનો રોગ હાલ જોવા મળી રહ્યો છે. જેથી લીલુ દેખાતું વૃક્ષ અધકચરૂ સફેદ નજરે પડી રહ્યું છે. પર્યાવરણ પ્રેમીઓ નગરના વૃક્ષોને સકંજામાં લેનાર આ રોગ બાબતે ચિંતીત બન્યા છે. જો કે જાણકારોનું કહેવું છે કે શિયાળા પૂરતું આવું બનવાના સંજોગ છે. ગરમી શરૂ થતાં વૃક્ષોના પાંદડા પોતાના અસલ સ્વરૂપે આવી જશે. છતાં પણ વન વિભાગ દ્વારા આ અંગે યોગ્ય તપાસ હાથ ધરાય તેવી પર્યાવરણ પ્રેમીઓની માંગ છે.

ગાંધીનગરની આન-બાન અને શાન સમાન તેમજ પર્યાવરણ માટે આવશ્યક એવા સર્વત્ર છવાયેલા વૃક્ષો નગરની ઓળખ બની ચુકયા છે. આ વૃક્ષોનું લાલન પાલન પણ હવે નગરજનો પોતાના સંતાનની જેમ કરી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# અડાલજની અવાવરૂ જમીનમાં દાટેલી બે જીપો મળી આવી...!

## આઠેક ફૂટ ઊંડા ખાડા કરીને નંબરપ્લેટ અને એન્જીન વગરની દાટી દેવાયેલી બે જીપો અને એક વાહનનો કાટમાળ પોલીસે નીકાળ્યો : છ વર્ષ પહેલા રાત્રે બે વાગ્યે ક્રેઈન વડે વાહનો દાટયા હોવાની ચોકકસ બાતમી મળી હતી





(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક અડાલજ અને ખોરજની વચ્ચે અવાવરૂ જમીનમાં છ વર્ષ પહેલા રાત્રે બે વાગ્યે ક્રેઈન વડે જીપો દાટી દેવાઈ હોવાની ચોકકસ બાતમી અડાલજ પોલીસને મળતા આજે જેસીબી વડે ખોદકામ કરાયું હતું.પોલીસે બે જીપો અને એક વાહનનો કાટમાળ દાટેલી હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે અને એન્જીન તથા નંબર પ્લેટ વગર દાટી દેવાયેલી જીપોના રહસ્ય અંગે પોલીસ પણ માથું ખંજવાળતી થઈ ગઈ છે. જો કે પોલીસે એફએસએલ અધિકારીની મદદ લઈ ચેચીસ નંબર મેળવી સોફટવેર મારફતે જીપના માલિક તથા તેની હીસ્ટ્રી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી પાર્કીંગના સાઈન બોર્ડ લગાવાયા

## ગ-૪ થી ચ-૪ વિસ્તારમાં પાર્કીંગ વ્યવસ્થા માટે ૧૪૦ બોર્ડ લગાવાશે

ગાંધીનગર, તા.૨૭

સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી પાર્કની આસપાસના વિસ્તારમાં પાર્કીંગ માટેના સાઈનબોર્ડ ફીટ કરવામાં આવી રહ્યા છે. ગ-૪ થી ચ-૪ના વિસ્તારમાં ૧૪૦ જેટલા પાર્કીંગ બોર્ડ લગાવાશે. જેના આધારે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના પાર્કીંગની જગ્યા નિયત થશે.

શહેરના હાર્દસમા વિસતારમાં સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટનું કામ પૂર્ણ કરી દેવાયું છે. સ્વર્ણિમ પાર્કમાં વિવિધ પ્રકારના પ્લાઝા, સીટીંગ અમ્બ્રેલા, સ્લોપીંગ ગાર્ડન, પ્લાન્ટેશન, ફૂડકોર્ટ, બાળકો માટે રમતગમતના સાધનો ઉપરાંત ભવ્ય વોટરબોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. અનેક આકર્ષણોના લીધે સ્વર્ણિમ પાર્ક નગરજનો તેમજ બહારથી આવતા સહેલાણીઓ માટે એક જોવાલાયક નઝારો બની રહેશે. નગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કને નિખારવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ટૂંકમાં વોટરબોડીમાં મ્યુઝિકલ ફુવારાની રોનક પણ જોવા મળશે. વિશાળ અને ભવ્ય સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર સ્થાન બનશે. જયારે આ પાર્કને અનુલક્ષી યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આસપાસના રોડ સાઈડમાં પાર્કીંગ પ્લેસ બનાવવામાં આવ્યા છે. નિયત પાર્કીંગ વ્યવસ્થા મુજબ સહેલાણીઓના વાહનો પાર્ક થાય તે માટે હાલ પાર્કીંગને લગતા સાઈન બોર્ડસ લગાવવામાં આવી રહ્યા છે. ગ-૪ થી ચ-૪ વચ્ચે સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રોડ સાઈડના પાર્કીંગ પ્લેસમાં સાઈન બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. ટુ વ્હીલર, ફોર વ્હીલર ઉપરાંત અન્ય વાહનોના પાર્કીંગને અનુલક્ષી બોર્ડસ લગાવવામાં આવી રહ્યા છે.

# સ્વ. આર.કે. શાહનો પાર્થિવ દેહ પંચમહાભુતોમાં વિલીન થયો

ગાંધીનગર, તા.૨૭

રાજયના પૂર્વ મહેસુલ સચિવ શ્રી આર.કે. શાહનો પાર્થિવદેહ આજે પંચમહાભૂતમાં વિલીન થયો હતો.

૨૫મી ડિસેમ્બરના રોજ શ્રી શાહનું દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થની આજે સે-૭ ખાતેના તેમના નિવાસસ્થાનેથી નીકળેલ અંતિમયાત્રામાં પૂર્વ સચિવશ્રી એસ.ડી. શર્મા, શ્રી આર.એમ. જોશી, શ્રી એમ.સી. નાયક, શ્રી સૂર્યકાન્ત મહેતા, શ્રી વી.એ. શાહ, વી.એસ. ગઢવી, શ્રી આર.એમ. શાહ, ડૉ. કિરીટ શેલત, શ્રી એન.વી. મોદી માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન શ્રી આર.આર. વરસાણી, યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહા, વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગના સચિવ શ્રી એસ.જે. હૈદર વેપારી આગેવાનો શ્રી જયોતિન્દ્ર વ્યાસ, શ્રી શરદ વ્યાસ, કલ્પેશ શાહ, સહકારી અગ્રણી શ્રી નરેન્દ્રભાઈ શાહ વિગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

સ્વ. શાહે સ્વ. અમરસિંહ ચૌધરીના કાર્યાલયમાં સચિવ તરીકે પણ સેવાઓ આપી હતી. ઉપરાંત સમાજ કલ્યાણ સહિત અનેકવિધ વિભાગોમાં સેવાઓ આપી મહેસુલ સચિવ તરીકે નિવૃત્ત થયા હતા. તેઓ સે-૧૯ જીમખાનાના સક્રિય અગ્રણી હતા તેમજ વ્યવસ્થાપક મંડળના સભ્ય પણ હતા.






# આજે ‘યુવા’ના ૩૦ કાર્યકરો સે-૨૧ અને સે-૧૧માં સફાઈ કરશે

## અભિયાનમાં તંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ જોડાશે

ગાંધીનગર, તા.૨૭

આજે ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા માટે યુવા સંસ્થાના ૩૦ કાર્યકરો સે-૨૧ અને સે-૧૧માં વિશેષ અભિયાન યોજનાર છે.

ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવા માટે સરકારના વિવિધ તંત્રોની કામગીરીને પૂરક બનવા માટે આ સ્વૈચ્છિક સંસ્થા આગળ આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સે-૨૧માં શાકમાર્કેટ તેમજ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરની સફાઈ આ યુવાનો સવારે ૧૦ વાગે શરૂ કરશે. આ યુવા કાર્યકરો આ પછી સે-૧૧ના જુદા જુદા બિલ્ડીંગોમાં સફાઈનીકામગીરી કરશે.

મળતી વિગતો પ્રમાણે સંસ્થાએ આ પૂર્વે છ સ્થાનો અમદાવાદ, બરોડા, ભાવનગરમાં પણ સ્વચ્છતા અભિયાનમાં કામગીરી કરી છે. હવ ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટ આવી રહી છે ત્યારે તંત્રના પૂરક બનવા માટે ગાંધીનગરના આ બે સ્થળોની સ્વચ્છતા કરવાનું બીડું સંસ્થાએ ઝડપ્યું છે.

યુથ અનસ્ટોપેબલ વોલીન્ટીયર્સ ના નામનાં આ ગૃપ સાથે જિલ્લા અને કોર્પોરેશનના અધિકારીઓ પણ જોડાશે. ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓને જોડવાની વાત મુખ્ય સચિવશ્રીએ કરી હતી જે ઉલ્લેખનીય છે.






# ઈ-ટ્રાન્ઝેકશનમાં ગુજરાત પ્રથમ

ગાંધીનગર, તા.૨૭

રાજયના ઝડપી અને ગતિશીલ ગુજરાત થકી વિકાસ સાધવા માટે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરતા ઈ-ટ્રાન્ઝેકશનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત દેશમાં ઈ-ગર્વનન્સ ક્ષેત્રે પાયોનીયર સ્ટેટ તરીકે વિકસી રહ્યું છે એટલું જ નહી સ્વતંત્ર એજન્સીઓ દ્વારા ગુજરાતને વન ઓફ ધ મોસ્ટ ઈ-પ્રીપેડ સ્ટેટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

ઈ-ગવર્નન્સ એ લોકોની સમસ્યાઓના ઉકેલ માટેનું એક અસરકારક સાધન બની રહ્યું છે ત્યારે લોકોની સમસ્યાઓના ઉકેલ માટે ગુજરાતમાં રાજય સરકાર દ્વારા અનેક ક્ષેત્રે ઈ-સેવાઓ શરુ કરીને ઈ-ગર્વનન્સ તરીકેની ઓળખ ઉભી કરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ અંગે તાજેતરમાં કરવામાં આવેલી સમીક્ષા દરમિયાન એવું ધ્યાન પર આવ્યું હતું કે ઈ-ટોલ દ્વારા જાણવા મળેલા ઈ-ટ્રાન્ઝેકશનના આંકડા મુજબ ગુજરાત દર હજારની વસ્તીએ

● અનુસંધાન પાન-૭ પર




# બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી આર. કે. શાહ (IAS Retd.) **રસિકલાલ કલ્યાણજી શાહ** તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૮/૧૨/૨૦૧૪, રવિવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**બેસણાનું સ્થળ : સેક્ટર-૭/એ ગાર્ડન**

**અમારા નિવાસસ્થાન પ્લોટ નં. ૨૩૦ અને ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરની પાછળ, સેક્ટર-૭/એ, ગાંધીનગર. મો. : ૯૮૯૮૭ ૩૦૩૬૫**

**સુકેતુ આર. શાહ (પુત્ર) લિ. દુષ્યંત આર. શાહ (પુત્ર)**

C. PVC, UPVC
BATH FITTINGS
TATA STEEL • PIPES • SHEETS
TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com